ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૬-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

બિયાસની ગોઝારી ઘટનામાંથી તંત્ર અને પ્રવાસીઓએ બોધપાઠ લેવા જેવો છે

દેવભૂમિ તરીકે ઓળખાતો હિમાચલ પ્રદેશ છેલ્લાં કેટલાંક વર્ષોથી કાશ્મીરના વિકલ્પ તરીકે ઉત્તર ભારતના સૌથી સુંદર પ્રવાસન ક્ષેત્ર તરીકે જાણીતું બનેલું રાજ્ય છે. ઉત્તરાખંડ અગાઉ ઉત્તરપ્રદેશનો જ ભાગ હતું. અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યા પછી જમ્મુ અને કાશ્મીરની લગોલગ આ હિંદુ વસ્તી ધરાવતાં હિમાલયની ગોદમાં વસેલાં રાજ્યો દેશ અને દુનિયાની પ્રવાસપ્રિય પ્રજાઅને સવિશેષ ટુર સાથે ટ્રેકિંગની મજા માણવા માગતા યુવાન વયનાં પ્રવાસીઓનાં માનીતાં પિકનિક સ્પોટ બની રહ્યાં છે. કમનસીબે આપણાં આ દેશી પ્રવાસધામોના આધુનિકીકરણ પ્રત્યે આપણે મુદ્દલ ધ્યાન નથી આપ્યું. મહદંશે શ્રદ્ધાળુ યાત્રીઓ અને શોખીન પ્રવાસીઓ તરફથી થતી આવક પર નભતાં આ રાજ્યોમાં યાત્રીઓ કે પ્રવાસીઓની સુરક્ષા અને સુવિધાઓ મુદ્દે કોઈ નક્કર કામગીરી થઈ નથી, જેને લીધે અચાનક અતિવૃષ્ટિને કારણે ઉત્તરાખંડમાં કેદારઘાટી જેવી ટ્રેજડી સરજાતી રહે છે, અનેક પ્રવાસી બસો ઊંડી ખીણોમાં ખાબકતી રહે છે અને છેલ્લે હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં બનેલી કરુણાંતિકા જેવી દારુણ ઘટનાઓ બનતી રહે છે. બધું જ રામભરોસે ચાલતું હોઈ રાજ્યસરકાર કે સ્થાનિક વહીવટી તંત્ર આવી આકસ્મિક ઘટનાઓને બહુ સહજ ગણીને ચાલે છે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી રાજા વીરભદ્રસિંહે ચોવીસ તરુણોનો ભોગ લેનારી ઘટના બાબતે દોષનો ટોપલો પ્રવાસે આવેલ વિદ્યાર્થીઓ, ટુર ઓપરેટર અને શિક્ષકો પર ઢોળવાનો અભિગમ અપનાવ્યો, તે અહીંના તંત્રની નીંભર બેજવાબદારીનો નાદર નમૂનો છે. એ વાત સાચી કે ડેમના હેઠવાસમાં નદીનું આછું પાતળું વહેણ જોઈ માની ન જ લેવાય કે એમાં ઊતરવું જોખમ કારક નથી. હિમાલયની છાયામાં વસેલાં આ રાજ્યોમાં ફક્ત વરસાદથી જ પૂર આવતું નથી, ઉનાળામાં સખત ગરમીના કારણે પહાડો પર બરફ ઓળગવાથી પણ ભારે પૂર આવતાં રહે છે. વળી ડેમનાં પાણી અવારનવાર નદીમાં છોડવામાં આવે ત્યારે પણ પૂર જેવી સ્થિતિ સરજાતી હોય છે. લારજી ડેમ નજીક બિયાસ નદીના પટમાં ઊતરી પ્રકૃતિના અદળક અસબાબને કેમેરામાં કેદ કરવા ઉત્સુક વિદ્યાર્થીઓને એવા કોઈ જોખમનો મુદ્દલ અહેસાસ નહીં જ હોય. નદીના પટમાં ઊતરવામાં જોખમ હોવાનું કોઈ સાઈડ બોર્ડ પણ નહોતું અને કદાચ વર્ષો પૂર્વે એ લગાવાયું હશે તો પણ ભારે વરસાદ કે પૂરમાં તણાઈ ગયું હશે. આવા ખુલ્લા મેદાન જેવા નદીના પટમાં એકાએક ડેમનાં પાણી ધસમસતાં આવી જશે, એવું તો હૈદરાબાદની ઈજનેરી કોલેજમાં એ છોકરા-છોકરીઓએ સ્વપ્ને પણ થોડું વિચાર્યું હોય? વળી આ ઉંમર જ સાહસ અને મસ્તીની છે. તેથી પટમાં ઊતરવાની તો હોડ જ લાગી હશે. એમાં ઓચિંતી કોઈ જ ચેતવણી વગર પાંજરામાંથી છૂટેલી હિંસક વાઘણની જેમ ઘુઘવાટા કરતી બિયાસ ધસી આવી અને ચોવીસ હોનહાર જિંદગીઓ એના ઉદરમાં ઓરાઈ ગઈ. જો ડેમના દરવાજા ખોલતાં અગાઉ સાઈરન કે હૂટર વગાડાયું હોત તો કદાચ આ જુવાનિયાં પૈકી ઘણાંના જીવ બચી શકયા હોત. એવું કશું જ નથી થયું, તે તંત્રની નઘરોળ બેજવાબદારી સૂચવે છે. બચાવ કામગીરી પણ કલાકો પછી શરૂ થઈ શકી હતી. પ્રવાસન ઉદ્યોગથી જ પેટ પોષણ કરનારી પ્રજા અને પ્રદેશના વહીવટીતંત્ર માટે આ પ્રકારની ઘટનાઓ અને આવું અમાનવીય વલણ ખરેખર શરમજનક ગણાય. તણાઈ ગયેલ યુવક-યુવતીઓ પૈકી ફક્ત પાંચ જણનાં શબ હાથ લાગ્યાં છે, જે વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા હૈદરાબાદ પહોંચાડાયાં હતાં. સેના અને પોલિસ સહિત બધા જ કામે લાગ્યા હોવા છતાં ઓગણીસ જેટલાં મૃતકોના મૃતદેહ નથી મળી શકયા તે પણ કેવી કરુણતા છે! મુખ્યમંત્રી વીરભદ્રસિંહ અને કેન્દ્રીય માનવસંસાધનમંત્રી સ્મૃતિ ઈરાનીએ સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું અને મૃતકો માટે વળતર જાહેર કર્યું એથી, કે પછી સંસદમાં મૃતકોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અપાઈ એથી સમસ્યા ઊકલી જતી નથી. મુખ્યમંત્રીએ દુર્ઘટનાની તપાસ સોંપી દીધી છે અને લારજી હાઈડ્રો પાવર પ્રોજેક્ટના બે સિનિયર ઈજનેરો તથા એક ફિટરને તત્કાળ સસ્પેન્ડ પણ કરી દીધા છે. આ પ્રકારનાં શિક્ષાત્મક પગલાં જરૂર આવકારદાયક છે, પરંતુ આવી દુર્ઘટનાનું પુનરાવર્તન ન થાય એની તકેદારી રાખવાની જરૂર છે. જો ડેમના હેઠવાસનો એરિયા અવરજવર માટે પ્રતિબંધિત કરાયેલ હોત તો સાહસ કરવાની અદમ્ય ઈચ્છા છતાં કોઈ વિદ્યાર્થી નદીના પટમાં ઊતરી જ ન શકયો હોત. વળી આવી જોખમી જગ્યાઓ વિશે બહારથી આવતા પ્રવાસીઓને ચેતવણી આપતાં સાઈનબોર્ડ ઉપરાંત ચોવીસે કલાકના ચોકીદાર (ગાર્ડ) મૂકી દેવા જોઈએ. ગાંધીનગર નજીક પસાર થતી નર્મદા મેઈન કેનાલ આપઘાત માટેનું સોફ્ટ પોઈન્ટ બની જતાં હવે ત્યાં આવા ચોકીદારો ઉપરાંત તરવૈયાઓની નિમણૂક કરાઈ છે, જે મરણોત્સુક માનવીને બચાવી લેવા પ્રયત્ન કરે છે. પ્રવાસન ઉદ્યોગ એ હિમાચલ પ્રદેશની જીવનરેખા છે. આ પ્રકારનાં સુયોજિત પગલાં, આગોતરી ચેતવણી અને લોકશિક્ષણથી ઘણાં બધાં જોખમો ટાળી શકાય એમ છે. લારજી ડેમની ગોઝારી ઘટના ચોવીસ આશાસ્પદ જિંદગીઓનો ભોગ લીધા પછી પણ વહીવટીતંત્રની અને પ્રવાસીઓની આંખ ખોલી શકશે તો ભવિષ્યમાં આવા અકસ્માતો નિવારી શકાશે.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં શિક્ષકોનો ટ્રેનીંગ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજામાં તા. ૮-૬-૨૦૧૪ રવિવારના રોજ શિક્ષકો માટે એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવેલ જેમાં જીઆઈપીએસના સર્વ શિક્ષકગણ, વાઈસ પ્રિન્સિપાલ, પ્રિન્સીપાલ તેમજ ટ્રસ્ટીશ્રીએ ભાગ લીધો હતો.

એક માનવ તથા શિક્ષક તરીકે સ્વમૂલ્યાંકન કરવું, જીવનના ધ્યેય કયા છે અને કઈ દિશામાં આપણા પ્રયત્નો છે તેનું વર્ણનાત્મક તેમજ જીવનની ઘટનાનો ઉદાહરણ તરીકે ઉપયોગ કરીને બધા જ ઉપસ્થિત લોકોને તેનું ભાન કરાવવામાં આવ્યું. જીવન શાસ્ત્રના આ પાઠ શીખવવાનું ભગીરથ કાર્ય જાણીતા મોટીવેશન ગુરુ સુરેશભાઈ પ્રજાપતિએ ઉપાડયું હતું. જીવનમાં દુઃખ આપણે જાતે સ્વીકારીએ છીએ તે સમજાવી જીવનને સંઘર્ષમાંથી ઉત્સવ બનાવવાની કળા શીખવાડી. સમજદારીપૂર્વક જીવન જીવવું તેમજ પરિવર્તન દરમિયાનની મનોસ્થિતિમાં એક શિક્ષક તરીકેની ભૂમિકા પણ સ્પષ્ટ કરી સંપૂર્ણ કાર્યક્રમ રસપ્રદ અને જીવનના દરેક પાસાને સ્પર્શતો હતો અંતે પ્રાચાર્યશ્રીએ સુરેશભાઈ પ્રજાપતિનો આભાર વ્યકત કર્યો.

પૂ. સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ પુર્ણાહુતી સમારોહ ગાંધીનગર ખાતે યોજાયો

ગાંધીનગર, તા.૧૦

પૂ. સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ પુર્ણાહુતિ સમારોહ ગાંધીનગર (દ) ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના અધ્યક્ષસ્થાને તાજેતરમાં આદર્શ નિવાસી શાળા (અજા/કુમાર) સેકટર-૮ ખાતે યોજાયો હતો. આ સમારોહમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્ર સચિવશ્રી અને ગાંધીનગર જિલ્લા પ્રભારી સચિવશ્રી સંજયપ્રસાદ ઉપસ્થિત રહ્યા હતાં. આ તાલીમ વર્ગમાં ગરોબ્રાહ્મણ સમાજના ૪૯ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્ર સચિવ શ્રી સંજયપ્રસાદે જણાવ્યું હતું કે આ તાલીમ વર્ગમાં જોડાયેલા ગરોબ્રાહ્મણ સમાજના યુવા તાલીમાર્થીઓ માટે તાલીમ જીવનમાં પગભર બનવા માટે મદદ રૂપ બનશે. તેની સાથે આ યુવાનના માથે સામાજિક દાયિત્વ પણ અદા કરવાની જવાબદારી આવી છે. ગાયત્રી પરિવાર દ્વારા કર્મકાંડમાં આ યુવાનોને તાલીમ આપવા સાથે સમાજ સુધારકનું પણ કામ કરવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલે તાલીમાર્થીઓને

જણાવ્યું હતું કે આ તાલીમ થકી આપને સમાજને સાચવવાની અને સાચી દિશામાં લઈ જવાની એક નવી જવાબદારી સોંપવામાં આવી છે. સમાજમાં આપને ખૂબ માન સન્માન મળશે. આપ થકી જે કાર્ય કરવામાં આવશે, તેમાં સમાજના દરેક વ્યકિતની શ્રધ્ધા વિશ્વાસ જોડાશે.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા છેવાડાના માનવીનો પણ વિકાસ થાય તે ઉમદા આશયથી યોજના અમલી બનાવવામાં આવે છે. દરેક સમાજ એકબીજા સાથે સમરસ થશે તો જ સમાજમાં એક નવી કાંતિનું સર્જન થશે. આ તાલીમમાં જોડાયેલા ૪૯ તાલીમાર્થીઓમાં થી ૧૨ તાલીમાર્થીઓ વ્યસન કરતા હતા, તેઓએ તાલીમના પ્રથમ દિવસથી જ વ્યસનનો ત્યાગ કર્યો તે વાત ઘણી આનંદની છે.

ગાયત્રી શકિતપીઠ સેકટર-૮ ગાંધીનગર પરિવ્રાજકો તથા ગરોબ્રાહ્મણ સમાજના તજજ્ઞો દ્વારા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. તમામ તાલીમાર્થીઓને આદર્શ નિવાસી શાળા સે-૮માં વિના મૂલ્યે રહેવા જમવાની સુવિધા આપવામાં આવી હતી. તે ઉપરાંત તાલીમાર્થીઓને તાલીમના પ્રથમ દિવસે જ કર્મકાંડ ભાસ્કર, ગાયત્રી પ્રાર્થના, સંક્ષિપ્ત ગાયત્રી હવન પધ્ધતિ, લગ્નસંસ્કાર, સત્ય નારાયણ વ્રત કથા, યુગ યજ્ઞ પધ્ધતિ, યુગ સંસ્કાર પધ્ધતિ અને પંચાગ પુસ્તકો આપવામાં આવ્યા હતા. સમાપન સમારંભમાં તાલીમાર્થીઓને કર્મકાંડને લગતી વસ્તુઓ જેવી કે તરભાણું, આચમની, તાંબાનો હવનકુંડ, આચમની પાત્ર, સર્વો અને સુચિ આપવામાં આવ્યા હતા તેમજ તમામ તાલીમાર્થીઓને પીળું પિતામ્બર, ઝભ્ભો, ઉપવસ્ત્ર અને જોલો પણ આપવામાં આવ્યો હતો.

આ સમારંભમાં અનુસુચિત જાતિ કલ્યાણના નિયામક શ્રી આર.એમ. જાદવ, નાયબ નિયામક શ્રી પી.એમ. સોમેત્રિયા, જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી શ્રી બી.પી. સોયંતર, સંયુકત નિયામકશ્રી પી.આર. ટાંક, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી શ્રી આર.બી. વસાવા, ગાયત્રી શકિતપીઠના ચેરમેન શ્રી મનુભા પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

ધોરણ-૧થી પાંચમાં પ્રથમ વાર સેમેસ્ટર પદ્ધતિ દાખલ

નવા શૈક્ષણિક સત્રથી નવો ફેરફાર કરાયો : ધોરણ-૧૦માં કોમ્પ્યુટર, સંસ્કૃત, ધોરણ-૧૨માં કોમ્પ્યુટર વિષયના પાઠ્યપુસ્તકો બદલાયા : અભ્યાસક્રમમાં ફેરફાર

અમદાવાદ, તા.૧૦

નવા શૈક્ષણિક સત્ર માટેના પાઠ્યપુસ્તકો બજારમાં આવી ગયા છે. રાજ્યની તમામ શાળાઓમાં ધોરણ-૧ થી પના પાઠ્યપુસ્તકોના અભ્યાસક્રમ બદલવામાં આવ્યા છે જ્યારે પ્રથમ વખત શિક્ષણ વિભાગે ધોરણ-૧ થી પમાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરી છે. આ ઉપરાંત ધોરણ-૧૦માં કોમ્પ્યુટર અને સંસ્કૃત તેમજ ધોરણ-૧૨માં કોમ્પ્યુટર વિષયના પાઠ્યપુસ્તકો બદલાયા છે.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર સોમવારથી પ્રાથમિક શાળાઓમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં નવીન શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. આ અગાઉ બજારમાં રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તમામ ધોરણના પુસ્તકો બજારમાં વિક્રેતાઓને વિતરણ કરી દેવામાં આવ્યા છે. પ્રાથમિક શાળાઓના ધોરણ-૧થી પના પાઠ્યપુસ્તકોના અભ્યાસક્રમ બદલાયા છે. જ્યારે શિક્ષણ વિભાગની સૂચનાથી ધોરણ-૧થી પમાં પ્રથમ વખત સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ધોરણ-૧થી ૫ માટે બજારમાં મુકાયેલ પાઠ્યપુસ્તકો પ્રમાણે ધોરણ-૧થી ૨માં બે સત્ર માટે અલગ-અલગ પુસ્તકો તૈયાર કરાયા છે જ્યારે ધોરણ-૩થી ૫માં બંને સત્ર માટે એક જ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ધોરણ-૧૦માં કોમ્પ્યુટર અને સંસ્કૃત તેમજ ધોરણ-૧૨માં કોમ્પ્યુટરના પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમ બદલવામાં આવ્યા છે.

મધ્યાહન ભોજન યોજનાની તકેદારી માટે ચેકીંગ સ્કવોર્ડ

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ચુક્યો છે અને આગામી ૧૨ જૂનથી રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવનાર છે ત્યારે બીજી બાજુ નવા શૈક્ષણિક સત્રમાં મધ્યાહન ભોજન યોજનામાં બાળકોને નિયમીત રીતે પુરતા પ્રમાણમાં અને ગુણવત્તા યુક્ત ખોરાક મળી રહે તે માટે ખાસ ચેકીંગ સ્કવોર્ડની રચના કરવામાં આવી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં આગામી ૧૨મી જૂનથી શાળા પ્રવેશોત્સવ શરૂ થવાનો છે ત્યારે આ શાળા પ્રવેશોત્સવમાં શાળામાં બાળકોને પ્રવેશ આપવાની સાથે તેમને મધ્યાહન ભોજન યોજના અંતર્ગત નિયમિત રીતે, પુરતા પ્રમાણમાં અને ગુણવત્તાયુક્ત ખોરાક મળી રહે તે માટે ખાસ ચેકીંગ સ્કવોર્ડની રચના કરવામાં આવી છે જે ૧૨મી જૂનથી કાર્યરત થશે. આ ચેકીંગ સ્કવોર્ડ જિલ્લા પ્રમાણે રચાશે જે જિલ્લાની સરકારી શાળાઓમાં ભણતા બાળકોને પૂરતા પ્રમાણમાં ભોજન મળે છે કે નહીં ? તેની ગુણવત્તા કેવા પ્રકારની છે તેની ચકાસણી કરશે. ખાસ કરીને ભોજનની ગુણવત્તા અંગે કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં. ઉલ્લેખનીય ચે કે રાજ્યના દરેક જિલ્લામાં અંદાજે ૧૨૦૦થી વધુ મધ્યાહન ભોજન કેન્દ્રો આવેલા છે ત્યારે તમામ કેન્દ્રોએ ચેકીંગ સ્કવોર્ડનો સ્ટાફ પહોંચી વળે નહીં તો દરેક તાલુકાના અધિકારીઓની પણ આ કામગીરીમાં મદદ લેવામાં આવશે. નોંધપાત્ર છે કે રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનામાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર ચાલતા હોવાના આક્ષેપો વારંવાર સામે આવે છે. આ ઉપરાંત કેટલીક જગ્યાએ બાળકોને ગુણવત્તા યુક્ત ખોરાક ન અપાતો હોવાની ફરીયોદ પણ થાય છે જેના પગલે બાળકોનું સ્વાસ્થ્ય જોખમમાં મુકાય છે જે અટકાવવા માટે રાજ્ય સરકારે ચાલુ શૈક્ષણિક સત્રથી મધ્યાહન ભોજન યોજના માટે ખાસ ચેકીંગ સ્કવોર્ડની રચના કરી છે.

હરિની દૃષ્ટિ...

ધન્યવાદ, ડોકટર સાહેબ, બધા વૃક્ષો દૂર કરી દીધા, એક પણ પ્રાણી ન રહેવા દીધું અને ફુલ પણ નહી હવે, મારી અલર્જી મટી તો જશે ને??

સે. ૨૧ સરકારી ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલના વર્તનથી વાંચકોમાં રોષ

પ્રવેશ ફોર્મ ભરતી વખતે ગેઝેટેડ અધિકારીની સહિ લાવવી તેવું કહી ધક્કા ખવડાવવામાં આવે છે

ગાંધીનગર, તા. ૧૦

શહેરમાં સરકારી બાબુઓ કચેરીને પોતાના ઘરની પેઢી સમજતા હોય તેવા અનેક કિસ્સા સામે આવ્યા છે. ત્યારે સેક્ટર-૨૧માં આવેલ સરકારી ગ્રંથાલયના મદદનીશ ગ્રંથપાલ દ્વારા પોતાની મનમાની ચલાવવામાં આવતી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવે છે.

ગાંધીનગરના વાંચકો શાંતચિત્તે વાંચી શકે તે માટે શહેરમાં સરકાર દ્વારા બે લાયબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓનો માહોલ જામ્યો છે. ત્યારે વિદ્યાર્થીઓ અહિંયા આવીને વાંચન કરતા હોય છે. નગરના વરિષ્ઠ નાગરિકને મદદનીશ ગ્રંથપાલ જયરામ દેસાઈનો કડવો અનુભવ થયો છે.

ગાંધીનગર સ્થિત અને જાણીતા અખબારના કોલમિસ્ટ પ્રો. ઈન્દુભાઈ ભટ્ટ સેક્ટર-૨૧ની સરકારી લાયબ્રેરીમાં સભાસદ થવા માટે પ્રવેશ ફોર્મ મેળવવા ગયા હતા. જ્યાં ભાનુભાઈએ પ્રવેશ ફોર્મમાં સેલ્ફ જામીન તરીકે સહી કરવાનું કહ્યું હતું પરંતુ ફરજ બજાવતા મદદનીશ ગ્રંથપાલ જયરામ દેસાઈએ સેલ્ફ જામીનગીરી માન્ય ન રાખતા ગેઝેટેડ ઓફિસરની સહી ફોર્મમાં કરાવવા જણાવ્યું હતું.

સેક્ટર-૧૭માં આવેલ મધ્યસ્થ ગ્રંથાલયમાં સેલ્ફ જામીન તરીકે સહિ માન્ય રાખવામાં આવે છે ત્યારે બન્ને લાયબ્રેરી સરકાર હસ્તક છે. તો અલગ-અલગ નિયમ કેમ ? છતાં પણ પ્રો. ભટ્ટે પોતાના દિકરાની ઓફિસમાં જઈને અધિકારીની સહિ કરાવી પરંતુ સામાન્ય માણસનું શુ ?

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સેલ્ફ જામીન પ્રથા દાખલ કરવામાં આવી હોવા છતાં આવા અધિકારી પોતાની મનમાની કરતા હોય છે. પ્રો. ભટ્ટ દ્વારા કાનૂની કાર્યવાહી પણ કરશે જેથી અન્ય કર્મચારીઓ સરકારી સંસ્થાને પોતાની પેઢી સમજતા બંધ થાય અને સામાન્ય પ્રજા સરકારી સંસ્થાઓનો લાભ મેળવી શકે. તેમણે આ બાબતે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને ગ્રંથપાલ નિયામકને પણ ફરિયાદ કરી છે. ત્યારે જોવાનું એ રહે છે કે કર્મચારીઓ રીઢા થાય છે કે સીધા.

યુવાનોને પડકાર : મેળવી લો ભારતનો સૌથી મોટો શોધ પુરસ્કાર 'રાઈઝ-પ્રાઈઝ'!

પુરસ્કાર છે દસ લાખ ડોલરનો. તેને મેળવવા માટે જોઈએ બસ ભારતીય બ્રાંડ કહી શકાય તેવી શાનદાર શોધ. જેનાથી આપણે વધુ ગૌરવશાળી અને દિગ્ગજ બની શકીએ વિશ્વભરમાં. (બધા કામો સરકાર પર ઢોળી દેવાય ખરા?) ભારતના ઔદ્યોગિક ગૃહ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા દ્વારા આ પુરસ્કારની ઘોષણા થઈ છે. પુરસ્કારનું નામ છે 'રાઈઝ પ્રાઈઝ.' દેશમાં આ પ્રકારની શ્રેણીનો સૌથી વધુ રકમનો પુરસ્કાર છે. લોકોનાં જીવનમાં મહત્વપૂર્ણ પરિવર્તન લાવનાર વિચારોને પ્રોત્સાહન આપવા માટે આ પ્રાઈઝ જાહેર કરવામાં આવેલ છે. વિશ્વ સમક્ષ આપણી ટેકનોલોજી ક્ષમતાને બહાર લાવવા માટે આ પ્રયત્ન મદદરૂપ થશે. ભારત જેવા દેશમાં મોટાભાગે નવપ્રવર્તક વિચારો જરૂરી આર્થિક સહાય વિના મુરઝાઈ જતા હોય છે.

એવોર્ડ જાહેર તો થયો છે પણ તેની પાછળ પણ રાજકીય અને કાયદાકીય દબાણ કામ કરી ગયેલ લાગે છે. જેમકે, કોર્પોરેટર બાબતોના મંત્રાલયે થોડાક મહિનાઓ પૂર્વે એક સમીક્ષા અંતે સામાજિક દાયિત્વની વાત મોટા ઉદ્યોગ ગૃહોને કાયદાની રીતિનીતિથી કહેવામાં આવી. ત્યારે કોઈક રીતે ઔદ્યોગિક ગૃહો સક્રિય બનેલા લાગે છે. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ કમ્પનીઝ એક્ટ-૨૦૧૩ના ખંડ ૧૩૯ તથા અનુસૂચિ VII ના અંતર્ગત અધિસૂચના જાહેર કરવામાં આવી હતી. તે અનુસાર, 'કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સબ્લીટી' કમ્પનીઝ એકટનો એક અંગ બનશે, જે ૧લી, એપ્રિલ ૨૦૧૪થી અમલમાં આવેલ છે. આ કલમ અનુસાર કંપનીએ પોતાને થતાં લાભનાં ૨ ટકા સમાજના ઉત્થાન અને સામાજિક દાયિત્વની પૂર્તિ માટે અનિવાર્ય રીતે ઉપયોગમાં લેવા જરૂરી બનાવવામાં આવેલ છે.

આનિયમ એવી કંપનીઓને લાગુ થશે જેનો નફો ૫ કરોડ અથવા કારોબાર રૂપિયા ૧૦૦૦ કરોડ હોય. આ કંપનીઓએ પ્રત્યેક વર્ષે છેલ્લા ત્રણ વર્ષના નફાની બે ટકા રકમનો ઉપયોગ સામાજિક ઉત્થાન માટે કરવાનો રહેશે. આ કલમ વિદેશી કંપનીઓને પણ લાગુ પડશે.

આ કાયદાથી સ્વાસ્થ્ય, સ્વચ્છતા, પેયજલ વગેરે સેવાઓને પ્રોત્સાહન મળશે. મહિલાઓ, વૃદ્ધ લોકો, બાળકો માટે હોસ્ટેલ વગેરે ક્ષેત્રોમાં સારુ કામ થશે. પર્યાવરણ સંરક્ષણ, પરિસ્થિતિકીનું સરંક્ષણ સારી થઈ શકશે. યુવાનોની આજીવિકા બાબતે સહયોગ રચી શકાશે. રાષ્ટ્રીય વિરાસત, કલા અને સંસ્કૃતિના વિકાસ માટે વધુ નાણાં પ્રાપ્ત થશે.

યુવાશક્તિ હાથ, પગ અને હૈયાની વાત કરતાં કરતાં જો હોઠ, કમર અને ભ્રમરની ચર્ચા કરવા લાગી જાય તો ચીનની યુવાશક્તિ આગળ વધવાની એક વધુ તક મળી જાય. પદવી સાથે સાથે નવી વિચારશક્તિ પણ વિકસીત થવી જરૂરી છે. અર્થશાસ્ત્રનો વિદ્યાર્થી દેશની ગરીબી વિશે વિચારતો થાય તો જ તેના ઉકેલો હાથવગા થયા. ભૂગોળનો વિદ્યાર્થી ભૌગોલિક પરિવર્તનોથી વાકેફ હોવો જરૂરી છે. ભારતની શક્તિ તેની તત્વજ્ઞાનયુક્ત કાર્યશૈલીમાં સમાયેલી છે.

કોઈ એક રાજ્ય દસ વર્ષનાં ગાળામાં કેવું સમુળગું પરિવર્તન લોકભાગીદારીથી કરી શકે છે તે ગુજરાતે કરી બતાવ્યું છે. નેતૃત્વની મિસાલ લોકલાડીલા શ્રી નરેન્દ્ર મોદીએ વિશ્વને બતાવી દીધી છે. સમાજનાં બધા જ અંગોને સાથે રાખી, વિશ્વાસ જમાવી અશકય લાગતા (વીજ ચોરી ડામવા જેવા) કામ દેશ સામે મૂકી આપ્યા છે. એક તરફ વડાપ્રધાન બનતાં જ ગંગા નદીને માત્ર નમસ્કાર ન કરતાં શુદ્ધિકરણ માટે અલગથી મંત્રાલય બનાવી કામગીરી શરૂ કરાવી દીધી છે.

આજથી ઘડીએ કોઈ પણ યુવાનને સૌથી વધુ જરૂર શેની છે. આત્મવિશ્વાસ, પૈસા, સરકારી સહાય કે પછી સખત મહેનતની?

વિચારોના મધુવનમાં

- પ્રા. ડો. રાકેશ પટેલ

વિદ્યાર્થીઓની પ્રતિભાને આજકાલ ઘણી 'ખોખો કોલેજો' (એક પ્રકારના વિદ્યાર્થીઓ કાઢવાનું મશીન) નામની ડીગ્રીઓ આપીને સંતોષ માને છે. મોટા ભાગનાં વિદ્યાર્થીઓને ડીગ્રી મેળવ્યા પછી જે તે કંપનીની તાલીમ પૂરી કરવી પડે છે. કારણ કે કોલેજો ડીગ્રીને અંતિમ માને છે જયારે નોકરી આપનાર સમાજ સાથેનો અનુબંધ માંગે છે. પ્રોડકટને સમાજની જરૂરીયાત પ્રમાણે ઢાળવી જરૂરી છે. એક તરફ પોપટીયું કે પુસ્તકીયું જ્ઞાન કોઈ પરિણામ આપતું નથી બીજી બાજુ લોકોની જરૂરીયાતો ઝડપથી બદલાતી જાય છે. વૈશ્વિક પરિપ્રેક્ષને ધ્યાનમાં રાખીને કાલની વાત આજે જાણી લેનારને સમાજ સ્વીકારે છે. આપણને કેવી પિચકારી, ફટાકડા કે પતંગ-દોરી જોઈએ તેની ખબર ચીનને ત્યાં બેઠા કેવી રીતે ખબર પડી હશે તેનો વિચાર આપણી યુનિવર્સિટી કયારે કરશે? કેટલીક યુનિવર્સિટીમાં તો બિલકુલ બિનઉપયોગી કે પુરાણો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને ભટકાડવમાં આવે છે.

સમજવા જેવી વાત તો એ છે કે હજી આપણા ગામડાઓની પ્રતિભા બહાર આવી નથી. કુદરતી સંપત્તિનો ઉપયોગ કયાં અને કેવી રીતે કરવો તે બાબતે ઘણી અસ્પષ્ટતાઓ દેખાઈ રહી છે. વૃક્ષોને દેવતા કહીને નમસ્કાર કરનારો આ દેશ છે, પણ તેને ટકાવવા અને વાવવા માટેની વૈજ્ઞાનિક કરામતો જોઈએ એટલી આપણી પાસે નથી. ગુણવંત શાહે સરસ રીતે કહી દીધું છે : 'પ્રત્યેક પાંદડું એક ફેકટરી છે જેમાં ફોટોસિંથેસિસ થયા કરે છે. વૃક્ષના શ્વાસોચ્છવાસ અને મહાપ્રાણ માતરિશ્વા વચ્ચે જબરો સંવાદ છે. આ સંવાદ આપણું જીવન છે. પ્રત્યેક વૃક્ષ સાચા અર્થમાં એક મોટું એરકંડીશનર છે. લીમડાનો વિંઝણો ભરઉનાળે ઠંડક આપે છે. નાઈટ્રોજન વર્તુળની સૌથી અગત્યની કડી છે સિમ્બાથયોસિસ અને બદલાના નિયમની પ્રક્રિયા વૃક્ષો દ્વારા ચાલતી રહે છે. વનની પ્રતિષ્ઠા ઘટી તેની સાથે જીવનની પણ પ્રતિષ્ઠા પણ ઘટી રહી છે.

પર્યાવરણનું આખું ક્ષેત્ર સંશોધન માગે છે. પાણી બચાવવાની હજી ઘણી રીતો આપણે શોધવી પડશે. જેમ કે ભૂગર્ભ ટાંકા અને જમીનમાં પાણી ઉતારવાની પદ્ધતિઓ આપણે જાણીએ છીએ. એ સિવાય પણ નદી અને તળાવોની આસપાસ ઘણી રીતો થતી જલસંગ્રહની ક્રિયાઓ શકય છે. નદીની આસપાસ વૃક્ષારોપણ કરવું ખૂબ સરળ છે. તેને ટકાવવા માટે પ્રયત્ન પ્રમાણમાં ઓછો કરવો પડે છે. પાણી શુદ્ધિકરણની અનેક રીતો આપણે શોધવી જ રહી. સમુદ્રના પાણીને પીવા લાયક ન બનાવી શકીએ તો કંઈ નહી પણ, ઘરવપરાશ યોગ્ય બનાવી શકીશું તો આપને મોટી શોધ કરી ગણાશે. વૃક્ષોને કાપવાનો અને વેચવાનો એક મોટો વ્યવસાય ભારતનાં ઘણા ક્ષેત્રોમાં કાયમી રોજગારી આપનારો રહ્યો છે. પણ શું તેને રોજગારી આપનારો અને જીવનને મૃત્યુ તરફ લઈ જનારો ન રહી શકાય? શું આપણે રોટી પકવવા માટે હજી પણ નવલખી વૃક્ષોની ડાળખીઓ જ